# પ્રાંતિજમાં શાકભાજીનું વાવેતર કરી ખેડૂતો રાતા પાણીએ રોયા

પ્રાંતિજ, તા.૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં શાકભાજીનું વાવેતર કરનારા ખેડૂતોને શાકભાજીના યોગ્ય ભાવો માર્કેટમાં નહીં મળતા કેટલીય શાકભાજી માર્કેટમાં અને માર્કેટ બહાર ગાયો કે પશુઓને નાંખી દઈ નુકશાની વેઠવાની નોબતો આવતાં જગત તાત ગણાતો કિસાન આકરા ઉનાળામાં ગરમી અને નુકશાનીના પરસેવે રેબઝેબ બની નિસાસા નાંખી રહ્યો છે ત્યારે શાકભાજીના માર્કેટ ભાવોને સ્થિર કરવા સરકારે ઘઉં જેવા ટેકાના ભાવો રોજરોજ બાંધી કિસાનોને સહાય રૂપ થવું જોઈએ.

આ વર્ષે પ્રાંતિજ તેમજ પંથકના મોટાભાગના ગામડાઓમાં ખેડૂતોએ શાકભાજીનો ગુવાર, દૂધી, કાકડી, જામલીભટા, નાના રવૈયા, કોબી, ફલાવર જેવી અસંખ્ય શાકભાજીનાં વાવેતર અંદાજે ૨૫૦૦૦ એકરમાં કરી રોકડિયો પાક લેવાના મોટા સ્વપ્નાં કિસાનોનાં હતા પરંતુ હાલ તમામ શાકભાજી માર્કેટમાં વેચવા જતાં ૨૦ કિલો થેલીના ૪૦ રૂપિયાથી ૪૫ રૂપિયામાં વેપારી માગતા કિસાનો અકળાઈ ઉઠી લમણે હાથ દઈ નસીબને દોષ દે છે તો ૧૦ વાગ્યા પછી આવેલ શાકભાજીના થેલા કટ્ટા, મોટી માત્રામાં પણ કોઈ ખરીદનાર ન હોઈ માર્કેટમાં ફરતી ગાયોને કે બહાર રખડતા પશુઓને નાંખી દેવામાં આવે છે.

આ અંગે કિસાન આગેવાન મનોજભાઈ પટેલ તથા હર્ષદભાઈ રાવલે જણાવ્યું હતું કે ચાલુ ચાલે અનિયમિત વરસાદ, વાતાવરણ અને મોંઘી મજુરી હોવા છતાંય વહેવારો જાળવવા કિસાનોએ શાકભાજી જેવા રોકડીયા પાકોની ખેતી પસંદ કરી હતી.

પણ શરૂઆતથી જ ભાવતાલ નહીં જળવાતા તેમજ અત્યારે શાકભાજીનું ઉત્પાદન વધારે હોવા છતાંય શાકભાજી ખરીદનાર નહીં મળતા કિસાનોને ૧૦ વાગ્યા પછી તો તમામ શાકભાજીનો પાક પશુઓને ફેંકી દેવો પડે છે અને મોટો આર્થિક ફટકો કિસાનો વેઠી રહ્યા છે ત્યારે શાકભાજી ઉત્પાદન મંડળીઓ ઉભી કરી યોગ્ય ભાવતાલ મળે તે માટે નિયંત્રિત બજાર તથા સરકારે નુકસાનીમાં મરતા કિસાનોને બચાવી લેવાનો સમય હવે પાકી ગયો હોવાનું જાગૃતિ કિસાનો જણાવી રહ્યાં છે.



(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

ધાનેરા નગરપાલિકાના નવા પદાધિકારીએ શહેરમાં સ્વચ્છતા ઝુંબેશ શરુ કરી છે. જેમાં નાગરિકોને ગંદકી ન કરવા, સાફસફાઈ રાખવા, પાણીનો બગાડ અટકાવવા જેવી અનેક બાબતો પર ધ્યાન આપવા અપીલ કરી હતી.

# પ્રાંતિજમાં ભુગર્ભ ગટર લાઈન કામથી નગરજનોની પરેશાનીઓ વધી

## ચાર-છ મહિના પહેલાં માંડ માંડ બનેલ રોડ ગટરને લઈને તોડી નાખવામાં આવાં લોકોમાં રોષ

પ્રાંતિજ, તા.૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ નગરપાલિકા વિસ્તારમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શ્રી વિકાસ યોજના અંતર્ગત પ્રાંતિજ ખાતે ભુગર્ભ ખાતે અંદાજે ૧૪ કરોડના ખર્ચે બની રહેલ ભુગર્ભ ગટર યોજના અંતર્ગત અંકિતા કન્સ્ટ્રકશન, અમદાવાદ દ્વારા બનાવવામાં આવી રહેલ છે. જે ગટર યોજનાથી હાલ સોસાયટીના રહીશો લગ્ન સિઝન પુર બહારમાં ખીલી હોવાથી લગ્ન સિઝનમાં જ ગટર લાઈનના ખાડા ખોદવાથી લોકોને મુશ્કેલીઓનો સામનો કરવાનો વારો આવ્યો છે અને જયારે અમુક ઉભો થયો છે જયારે એપ્રોચ રોડ વિસ્તારમાં હોસ્પિટલ આવેલ છે જયાં સગર્ભા મહિલા કે દર્દીઓને લઈ જવામાં ભારે મુશ્કેલીઓ પદા થઈ છે.

એકદમ ખોદકામ કરી દેતા લોકોની મુશ્કેલીઓમાં વધારો થયો છે અને ગટર લાઈનમાં ઉપયોગ થતાં પાઈપો છ ના હોવાથી લોકોમાં રોષ જોવા મળ્યો છે. જયારે ઘરમાંથી નીકળતી



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

ગટર યોજનાનું કામ ચાલી રહ્યું છે. જેમાં કોન્ટ્રાકટરની ધીમી ગતિ અને લાલીયાવાડીને કારણે હાલ લગ્ન સિઝનમાં જ નાગરિકોને જુદી જુદી હાલાકીઓનો સામનો કરવાનો વારો આવ્યો છે.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ તથા આજુબાજુમાં રહેતા લોકોને ગટરને લઈને પરેશાનીઓમાં વધારો જોવા મળ્યો છે જયારે એજન્સી કોન્ટ્રાકટર દ્વારા આયોજન યુકત કામ ન કરતાં જે તે જગ્યાએ પહેલાં ખોદકામ કરાવી દેતા હાલ રસ્તાઓ બંધ થઈ ગયા છે અને ખાસ કરીને જગ્યાએ ૩-૪ દિવસ પહેલાં ખોદેલ ગટર લાઈન માટે પાઈપો ના હોવાથી સોસાયટીના રહીશોને ગાડી ઘરબહાર રોડ ઉપર મુકવાનો વારો આવ્યો છે અને ખુલ્લી લાઈનોમાં બાળકો પડી જવાનો ભય સતાવે છે. ગાડી કઈ રીતે સોસાયટીમાં લાવવી એ પ્રશ્ન

જયારે છેલ્લા કેટલાય વર્ષોમાં રોડ ન બનેલ વિસ્તારોમાં ચાર-છ મહિના કે એક વર્ષ પહેલાં બનેલ રોડ ગટરલાઈનને કારણે તોડવામાં આવતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. જયારે કેટલાક વિસ્તારોમાં કોન્ટ્રાટર દ્વારા પહેલાં જાણ કર્યા વગર પાઈપ લાઈનો મોટા ભાગે ચારની અથવા પાંચની હોય છે તો આ પાઈપ શું કામ આપશે કે નહીં તે પણ પ્રશ્ન પ્રજામાં ચર્ચાનો વિષય બન્યો છે કે પછી ૧૪ કરોડના ખર્ચે થઈ રહેલ ભુગર્ભ ગટર યોજનાનું કામ પાણીમાં જશે.

# જેસીઆઈ મોડાસા દ્વારા નચ બલીયે કોન્ટેસ્ટ યોજાઈ

મોડાસા, તા.૪

ગુજરાત રાજય ગૌરવ દિન સપ્તાહની ઉજવણીના ભાગરૂપે જેસીઆઈ મોડાસા દ્વારા ઓપન મોડાસા ડાન્સ કોમ્પીટીશન નચ બલીયે કોન્ટેસ્ટ ૨૦૧૫નો ગ્રાન્ડ ફીનાલે મહાલક્ષ્મી ટાઉનહોલ મોડાસા ખાતે યોજાયો હતો.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. નચ બલીયે કોન્ટેસ્ટ બે ગ્રુપમાં યોજવામાં આવી હતી. ગ્રુપ એ માં ૫ વર્ષથી ૧૦ વર્ષ સુધીના બાળકો અને ગ્રુપ બીમાં ૧૧ વર્ષથી ૧૮ વર્ષ સુધીના બાળકોએ ભાગ લીધો હતો. બંને ગ્રુપના થઈ કુલ ૭૨ સ્પર્ધકોમાંથી ૨૬ સ્પર્ધકો ગ્રાન્ડ ફીનાલે માટે પસંદગી પામ્યા હતા.

સમારંભમાં ઉદઘાટક તરીકે અરવલ્લી જિલ્લા નાયબ કલેકટર અને સબ મેજીસ્ટ્રેટ મા. શ્રી આનંદ આચાર્ય સાહેબ, મુખ્ય મહેમાન તરીકે ઝોન કોઓર્ડીનેટર જેસી એચજીએફ હર્ષદભાઈ પારેખ અને સ્કુલ ઓફ જીનીયસના ટ્રસ્ટીશ્રી જે.પી. ઉપાધ્યાય અને અતિથિ વિશેષમાં મોડાસા જેસીસ મિલ્ક કમિટીના ચેરમેન નવનીતલાલ પરીખ, મ.લા. ગાંધી ઉ.કે. મંડળના માનદમંત્રી સુરેન્દ્રભાઈ જે. શાહ, મોડાસા કેળવણી મંડળના ઉપપ્રમુખ કનુભાઈ સી. શાહ, મોડાસા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શૈલેશભાઈ ભોઈ, કેપીટલ બુક ડીપોના તારકભાઈ પટેલ, સરસ્વતી બાલમંદિર મંડળના પ્રમુખ નિલેશભાઈ જોષી, કીડઝ ઝીના ટ્રસ્ટી અલ્પેશ પટેલ, શ્રી રામ બોરવેલના બીપીનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતાં.

કાર્યક્રમની શરૂઆતમાં શાબ્દિક સ્વાગત જેસીઆઈ મોડાસાના પ્રમુખ ડૉ. સંતોષ દેવકરે કર્યું હતું. તમામ મહેમાનોનું બુકે અને બુકથી સ્વાગત કરવામાં આવ્યું હતું. સમારંભના ઉદઘાટક આચાર્ય સાહેબના હસ્તે મંચસ્થ મહાનુભાવો દ્વારા દિપ પ્રગટાવી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. મંચસ્થ



(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

મહાનુભાવોએ તમામ સ્પર્ધકોને પ્રોત્સાહન માટે આશીર્વચન આપ્યા હતા.

# પ્રાંતિજમાં રામદેવ પીરનું આખ્યાન યોજાયું

પ્રાંતિજ, તા.૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ શ્રી ઓમકારેશ્વર મહાદેવ મંદિર ખાતે આવેલ મહાદેવના મંદિરના વિશાળ ચોકમાં રામદેવ પીરના આખ્યાનનું આયોજન મંદિર વ્યવસ્થા સ્થાપકો દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રાંતિજ રેલવે સ્ટેશન ઉપર આવેલ શ્રી ઓમકારેશ્વર મહાદેવ મંદિર તથા મહાકાળી મંદિર ખાતે આવેલ વિશાળ મેદાનમાં રાત્રીના સમયે રામદેવ પીરનું આખ્યાન પાઠ યોજવામાં આવ્યો હતો. જેમાં લુપ્ત થતી કલાના કલાકારો દ્વારા રામદેવ પીરનું નાટયમંચ રીતે રજુઆતો કરતાં પ્રાંતિજ તથા આજુબાજુમાંથી આવેલ ભકતોને આખ્યાનનું રસપાન કરાવ્યું હતું. જયારે સમગ્ર કાર્યક્રમનું આયોજન શંકરભાઈ રાવલ, પરેશભાઈ, પીન્ટુભાઈ, મુકુન્દભાઈ, રઘુભાઈ વગેરે દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધર્મપ્રેમી જનતાએ લાભ લીધો હતો.

# બનાસકાંઠામાં નાગરિકોને રેશનકાર્ડ અંગે પડતી મુશ્કેલીઓ નિવારવા મામલતદારને તાકીદ


પાલનપુર, તા. ૫

બનાસકાંઠા જીલ્લામાં નાગરિકોને નવિન રેશનકાર્ડ મેળવવા, રેશનકાર્ડમાં સુધારા વધારા કરાવવા કે રેશનકાર્ડ વિભાજન કરાવવા વગેરે માટે પડતી મુશ્કેલીઓ નિવારવા કલેકટરશ્રી દિલીપ રાણાની સુચના અને માર્ગદર્શન અનુસાર જીલ્લા પુરવઠા અધિકારી શ્રીમતિ અનસુયાબેન જહા દ્વારા જીલ્લાના તમામ મામલતદારશ્રીઓને પરિપત્ર કરી જરૂરી માર્ગદર્શન સાથે પરિપત્રનું ચુસ્તપણે પાલન કરવા તાકીદ કરવામાં આવી છે. કલેકટરશ્રીએ આપેલ સુચનામાં અપવાદરૂપ કેસો સિવાય રેશનકાર્ડ સબંધી મોટાભાગના સોગંદનામા બંધ કરી ફોર્મ નં. ૨ થી ૯ ભરાવવા જણાવ્યું છે.

કલેકટરશ્રીની સુચનાને લીધે જીલ્લામાં નાગરિકોને રેશનકાર્ડ મેળવવા કે સુધારા-વધારા કે વિભાજન માટે હવે કોઈ તકલીફ નહિ પડે. જીલ્લા પુરવઠા અધિકારી શ્રીમતિ અનસુયાબેન જહાએ આ અંગે વિગતો આપતાં જણાવ્યું હતું કે નાગરિકોએ નવું બારકોડેડ રેશનકાર્ડ મેળવવા ફોર્મ નં. ૨, ચાલુ રેશનકાર્ડમાં નામ ઉમેરવા ફોર્મ નં.૩, રેશનકાર્ડમાંથી નામ કમી કરવા ફોર્મ નં. ૪, બારકોડેડ રેશનકાર્ડ વિભાજનથી મેળવવા ફોર્મ નં. ૫, બારકોડેડ રેશનકાર્ડમાં સુધારા વધારા કરાવવા માટે ફોર્મ નં. ૬, પાલક/ગાર્ડિયનની નિમણુંક માટે ફોર્મ નં. ૭, રેશનકાર્ડ કમી કરાવવા ફોર્મ નં. ૮, ડુપ્લીકેટ રેશનકાર્ડ મેળવવા ફોર્મ નં. ૯ તથા સબંધીત ફોર્મ સાથે જરૂરી આધાર પુરાવા રજુ કરવાના રહેશે.તમામ મામલતદારશ્રીઓને બારકોડેડ રેશનકાર્ડ આપવા બાબતેના ફોર્મ નં. ૨ થી ૯ સુધીની તમામ અરજીઓ સાથે જરૂરી આધાર-પુરાવા લઈ કાર્યવાહી કરવા જણાવાયું છે.

જીલ્લા પુવઠા અધિકારી શ્રીમતિ જહાએ જણાવ્યું કે રેશનકાર્ડ બાબતે થયેલ કામગીરી વિશે અત્રે પાલનપુર કલેકટરશ્રીની કચેરી ખાતે દર માસે મામલતદારશ્રીઓ અને પુરવઠાની કામગીરી સંભાળતા નાયબ મામલતદારશ્રીઓ તથા સંબંધીત અધિકારીઓ સાથે બેઠક યોજીને સમીક્ષા કરવામાં આવે છે.

## શબ્દાવલી - ૫૭૨૨



### આડી ચાવી

૧. આવવું તે, પધરામણી(૪)
૫. કાતરવાનું - લાકડું કાપવાનું સાધન (૪)
૬. શ્રીકૃષ્ણની પત્ની (૪)
૯. ભુંજ જેવું એક પ્રાણી (૬)
૧૦. સફેદ, શુભ્ર (૩)
૧૨. નાગ, ફણીધર (૪)
૧૪. મોકો, લાગ (૨)
૧૬. કામઠુ, ધનુષ્ય (૨)
૧૭. નાણા વાપરવા બદલ આપવો પડતો વધારો (૨)
૧૮. નીચો, ઢીંગણો (૩)
૨૦. ક્રમાંકવાર, રકમની ગણતરી કરેલ (૫)
૨૧. થોડા વાળની સેર (૨)

### ઊભી ચાવી

૨. નવાઇનો બનાવ (૪)
૩. શેષનાગ (૫)
૪. હવાલદાર, પોલીસ (૪)
૭. અડગ (૩)
૮. રણીધણી અહીં ખોવાયેલ છે (૪)
૧૧. મોટી, ગંજાવર (૪)
૧૩. અર્જુન શ્રેષ્ઠ.... કહેવાતો(૪)
૧૫. સેના, ફોજ (૩)
૧૬. બેચેન (૩)
૧૯. જાત, નાત (૨)

### શબ્દાવલી ૫૭૨૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) ગગન (૪) અલવિદા (૬) જબરદસ્ત (૭) વેર (૮) બરબાદ (૯) સીંગતેલ (૧૧) આગ (૧૨) જાપાની (૧૪) ઝલક (૧૬) ડમરૂ (૧૮) શમશેર (૨૧) તરખાટ (૨૨) મરીજ

**ઊભી ચાવી :-** (૧) ગજવે (૨) ગબ્બરસીંગ (૩) નર (૪) અસ્તબલ (૫) દાઉદખાની (૧૦) પાનશેરી (૧૪) ઝરૂખા (૧૫) કશ (૧૭) મર (૧૯) મમ (૨૦) રજ



મોડાસા તાલુકાના મોટી ચીચણોની આર.એમ. પટેલ વિદ્યાવિહાર ખાતે નિવૃત્ત થનાર શિક્ષક પટેલ નવનીતભાઈ શામળભાઈનો વિદાય સમારંભ તથા આ સંસ્થાને તમામ જરૂરિયાત પુરી પાડનાર દાતા અને નાની ચીચણોના વતની કાલિદાસ રામાભાઈ પટેલનો સત્કાર સમારંભ સોમવારના રોજ યોજાયો હતો. નિવૃત્ત થનાર શિક્ષક નવનીતભાઈએ આ શાળામાં ૩૩ વર્ષ સુધી ફરજ બજાવી હતી તેમજ ફરજ દરમિયાન ઈન્ચાર્જ આચાર્ય તરીકે પોતાનો સમય અને શકિતનો ઉપયોગ કરી આ સંસ્થાને નવા શિખરો સુધી પહોંચાડી હતી. અને સંસ્થાના વિકાસ માટે અવિરત પણે દાન આપનાર દાતા શ્રી કાલિદાસનું પણ સંસ્થા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું અને શાળાના વિકાસ માટે દાન આપનાર દાતાશ્રીનો આભાર માન્યો હતો. આ સમારંભનું સફળ આયોજન કેળવણી મંડળના પ્રમુખ ચંદુભાઈ પટેલ તેમજ સભ્યો અને ગ્રામજનો તેમજ શાળા પરિવાર તરફથી કરવામાં આવ્યું હતું. (તસવીર : જય અમીન)

## અચાનક મુલાકાતે

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિસ્તારમાં ફરતા એક શ્રમિક બાળકને ચોકલેટ ખવડાવી અભ્યાસ અંગે પુછતાછ કરી હતી. માતાથી વિમુખ બાળકે અભ્યાસ છોડી દીધો હોવાનુ માલુમ પડતા આ અંગે તેમણે સાહિલ નામના બાળકને શાળામાં પ્રવેશ અપાવવા સહિતની તકેદારી લેવા વિભાગના અધિકારીઓને જરૂરી સુચના આપી હતી. વેપારીઓએ શોપીંગમાં પાર્કીંગના પ્રશ્ન ગંભીર હોવાનું જણાંવી નવા પાર્કિંગમાં લાઈટ ફીટ કરવા પણ તેમનુ ધ્યાન દોર્યુ હતું. જયારે સેક્ટર-૨૧ ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટરના વેપારી આગેવાનો સર્વશ્રી મહેશ ભટ્ટ, જ્યોતિન્દ્ર વ્યાસ અને ગિરીશ ઠક્કર સહિત આગેવાનોએ સરકારના આયોજનમાં સહકાર આપવાની પણ ખાત્રી દર્શાવી હતી. મુલાકાત સમયે જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકર, મનપા કમિશનર જી. આર. ચૌધરી અને નાયબ પોલીસ અધિક્ષક કરણરાજ વાઘેલા જોડાયા હતા.

## બસમાં બેસી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શ્રી ચૌધરીએ જણાવ્યુ હતુ કે લાંબારૂટની ગાડીઓમાં ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં પેસેન્જરોને પાણીની સુવિધા માટે તંત્રએ પગલાં લેવા જોઈએ. આ માટે એસ.ટી. નિગમને તેઓ પત્ર લખશે. શ્રી ચૌધરીએ જણાવ્યુ હતુ કે વિદ્યાર્થીઓને બસના પાસ માટે તકલીફો પડે છે તે બાબતે પણ આજે મુસાફરી દરમ્યાન મારા ધ્યાને આવી છે. તેમણે જણાવ્યુ હતુ કે તેઓ ઝડપથી લોકલ બસમાં મુસાફરી કરી હજુ લોકોના પ્રશ્નો મેળવી વિગતવાર એસ.ટી. સત્તાવાળાઓ સમક્ષ રજુઆત કરશે. આજના બસ પ્રવાસમાં મઝા આવી પણ લોકોની વેદના તંત્ર જાણી જોઈને જે રીતે નજર અંદાજ કરી રહેલ છે તેનુ ભારોભાર દુઃખ થયુ છે.

## ઈ-કનેક્ટીવીટી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાંધીનગરની ૧૭૨, કલોલની ૮૨ અને માણસાની ૯૮ પ્રા. શાળાઓને આ ઈ.કનેક્ટીવીટીથી સાંકળી લેવામાં આવશે.

આ ઈ-કનેક્ટીવીટી ૨૪ કલાક કાર્યરત રહેશે અને જો તેમાં વિક્ષેપ થાય તો દંડનીય કાર્યવાહી જે તે સર્વિસ પ્રોવાઈડર સામે કરવાની વિશેષ જોગવાઈ કરવામાં આવી છે. જેમાં સળંગ સાત દિવસ સુધી જો કનેક્ટીવીટી ખોરવાઈ રહે તો આખા માસનું બિલ ભરવાનુ રહેશે નહિ તેવી સખ્ત જોગવાઈ કરવામાં આવી છે.

દર મહિને શાળા દ્વારા બી.એસ.એન.એ.ને રૂ. ૭૦૩ની મર્યાદામાં ઈ.કનેક્ટીવીટી માટેનો અને વોડાફોનમાં રૂ. ૩૭૫ની મર્યાદામાં ખર્ચ કરાશે અને તેની ગ્રાન્ટ સીધી સ્કુલ મેનેજમેન્ટના ખાતામાં જમા થશે.

સ્કૂલ મેનેજમેન્ટ સોફટવેર અપલોડ કરવાની શૈક્ષણિક સંસ્થાની દિન-પ્રતિદિની ગતિવિધિ પર સરકારની સીધી નજર રહેશે. આ ઉપરાંત આ સોફટવેરની મદદથી વિદ્યાર્થીની હાજરી પણ પુરાશે તેમજ જે શાળાઓ બાકી છે તેમાં બાયોમેટ્રીક પદ્ધતિથી વિદ્યાર્થીની હાજરી લેવામાં આવશે.

આ સોફટવેરની મદદથી જ શૈક્ષણિક રીતે સાનુકુળ સાહિત્ય વિદ્યાર્થી માટે મુકવામાં આવશે. જેથી તેનો રેફરન્સ તરીકે ઉપીયોગ શક્ય બને. આને કારણે આ શાળાઓમાં એક ઈ.લાયબ્રેરી પણ ઉપલબ્ધ બનશે.

શૈક્ષણિક વહીવટીય ગતિવિધિની જાણકારી પણ સમયની બચત સાથે વધશે. પ્રાથમિક શિક્ષણક્ષેત્રે આ નિર્ણય એક ક્રાંતિકારી નિર્ણય આગામી દિવસોમાં પુરવાર થશે તેમ મનાઈ રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાની ૧૪૬ જેટલી પ્રા. શાળામાં એચ.ટાટ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા આચાર્યોની નિમણુંક કરવામાં આવી છે અને તેમને કોમ્પ્યુટરોની ફાળવણી પણ કરી દેવામાં આવી છે જે ઉલ્લેખનીય છે. વિદ્યાર્થી અને શિક્ષક સહિત શાળા સંકુલની ગતિવિધિ હવે આંગળીના ટેરવે ઉપલબ્ધ બનશે. આ સોફટવેરના અપડેશનની સાથે જ ડાયલનું ફોર્મ પણ આપોઆપ જનરેટ થશે જેથી ગુણવત્તાલક્ષી શિક્ષણને પણ વેગ મળશે.

### ગુજરાત જૈવવિવિધતા બોર્ડ

(ગુજરાત સરકાર)

અરણ્ય ભવન, બી-વિંગ, ૫મો માળ, સેક્ટર-૧૦/એ,ચ-૩, ગાંધીનગર, ગુજરાત-૩૮૨૦૧૦
વેબસાઈટ : www.gsbb.in ફોન નં. ૦૭૯-૨૩૨૫૭૯૫૦

**વાહન ભાડે રાખવા અંગેની જાહેરાત**

આથી રસ ધરાવતા તમામ પાર્ટીઓને જણાવવાનું કે, ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ, ગાંધીનગરના ઉપયોગ સારૂ વાહનો ભાડે રાખવા માટે ટેન્ડર મંગાવવામાં આવે છે. ટેન્ડરનું ફોર્મ ઉપરોક્ત કચેરીમાંથી બપોરના ૧૧-૦૦ કલાકથી ૧૮-૦૦ કલાક દરમિયાન તા. ૭/૫/૨૦૧૫ થી તા. ૧૩/૫/૨૦૧૫ સુધીમાં ટેન્ડર ફી પેટે રૂ. ૧,૦૦૦/-ના રાષ્ટ્રીયકૃત બેંકનો ડી.ડી. સભ્ય સચિવશ્રી, ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડના નામે રજૂ કરેથી મેળવી શકાશે. ભરેલા ટેન્ડર તા. ૧૫/૫/૨૦૧૫ના બપોરે ૧૨-૦૦ કલાક સુધી બોર્ડની કચેરીમાં સ્વીકારવામાં આવશે અને તે જ દિવસે ૧૩-૦૦ કલાકે પાર્ટીઓની રૂબરૂ ખોલવામાં આવશે.

સહી/-
(બી. કે. સિન્હા)
સભ્ય સચિવ
ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ, ગાંધીનગર

માહિતી/૨૬૮/૨૦૧૫-૧૬

SANGHI CEMENT
Kisan
ashirvad
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK 500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
DR.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત
વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭